### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શ્રદ્ધાંજલિ અર્પણ કરી

# જમ્મુથી લવાયો શહીદ મહિપાલસિંહનો નશ્વરદેહ

### પાર્થિવ દેહ ઘરે પહોંચતા જ ભારત માતા કી જય અને વંદે માતરમના નારા સાથે વાતાવરણ ગૂંજ્યું





અમદાવાદ, તા.૬

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં મૂળ સુરેન્દ્રનગરના અને હાલ અમદાવાદના વિરાટનગરમાં રહેતા ૨૫ વર્ષીય જવાન મહિપાલસિંહ વાળા શહીદ થયા છે. રવિવારે સાંજે શહીદ જવાનનો મૃતદેહ અમદાવાદના એરપોર્ટ પર આવી પહોંચ્યો હતો. જ્યાંથી તેઓના મૃતદેહને એરપોર્ટના મેઘાણીનગર ગેટથી બહાર લાવવામાં આવ્યો હતો. જ્યાં શહીદ જવાનના સ્વજનો પણ આવી પહોંચ્યાં હતાં. ત્યારબાદ શહીદ જવાનનો મૃતદેહ તેમના નિવાસસ્થાને લવાયો હતો. શહીદ મહિપાલસિંહના નિવાસસ્થાને મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા અને તેમનાં ઘરની બહાર ભીડ જમા થઈ હતી તેમજ રોડ ઉપર બેનરો પણ લગાવવામાં આવ્યા હતા.

વીર જવાનને શ્રદ્ધાંજલિ આપવા આખું અમદાવાદ ઉમટ્યું હતું. 'ભારત માતા કી જય'ના નારા સાથે માણસોના ટોળે-ટોળા રસ્તા પર જવાનને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માટે આવ્યા હતા. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વીર જવાનને શ્રદ્ધાંજલિ આપવા માટે અમદાવાદ પહોંચ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં શહીદ વીર જવાનના વિરાટનગર રોડ, ઓઢવ ખાતેના નિવાસસ્થાને પહોંચ્યા હતા. મુખ્યમંત્રીએ શહીદ મહિપાલસિંહને વિરાંજલિ અર્પિત કરવાની સાથે-સાથે તેમના પરિવારજનોને પણ સાંત્વના પાઠવી હતી. અહીં નોંધનીય છે કે શ્રીનગરમાં શહીદ થયેલા અમદાવાદના મહિપાલસિંહ વાળાને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. શહીદ જવાનનો પાર્થિવ દેહ અમદાવાદ સ્થિત તેમના નિવાસસ્થાને લવાયો હતા. જ્યાં મુખ્યમંત્રી સહિત ભાજપના ધારાસભ્ય અમિત શાહ, જગદીશ પંચાલ શ્રદ્ધાંજલિ અર્પિત કરવા પહોંચ્યા હતાં. છેલ્લા ૮ વર્ષથી મહિપાલસિંહ ભારતીય સેનામાં ફરજ બજાવતા હતા. સૌથી દુઃખદ વાત એ છે કે દેશની રક્ષા માટે શહીદ થનારા જવાન મહિપાલસિંહના પત્ની ગર્ભવતી છે. મહિના પહેલા જ તેમનાં પત્નીનું સીમંત યોજાયું હતું. તેમના ઘરે પારણું બંધાવવાનું છે.

મળતી માહિતી મુજબ, શહીદ જવાન મહિપાલસિંહ વાળા વર્ષ ૨૦૧૬ની આસપાસ ભારતીય સૈન્યમાં જોડાયા હતા. મધ્યપ્રદેશના જબલપુર ખાતે તેમણે એક વર્ષની ટ્રેનિંગ લીધી હતી. ત્યારબાદ તેમનું ગુવાહાટી ખાતે પોસ્ટિંગ થયું હતું. ત્યાં થોડાં વર્ષો ફરજ બજાવ્યા બાદ તેમનું ચંડીગઢમાં પોસ્ટિંગ થયું હતું. ચંડીગઢથી તેઓની છ મહિના પહેલાં જમ્મુ-કાશ્મીર ખાતે બદલી કરવામાં આવી હતી. ૩૪ રાષ્ટ્રીય રાઈફલમાં તેઓનું પોસ્ટિંગ થયું હતું.

ઉલ્લેખનીય છે કે, શુક્રવારે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ અને સેનાના જવાનો વચ્ચે થયેલી અથડામણમાં અમદાવાદમાં રહેતા સેનાના જવાન મહિપાલસિંહ વાળા શહીદ થયા છે. શહીદ મહિપાલસિંહનો પાર્થિવ દેહ આજે અમદાવાદ લાવવામાં આવી રહ્યો છે. સાંજે તેમને અંતિમ વિદાય દરમિયાન મોટી સંખ્યામાં લોકો જોડાશે. રાષ્ટ્રીય સન્માન સાથે શહીદ મહિપાલસિંહને અંતિમ વિદાય આપવામાં આવશે. આ માટે શહેરમાં ખાસ તૈયારીઓ પણ કરવામાં આવી છે



વહેલી સવારે સીજી રોડ પર બે કારની વચ્ચે અકસ્માત થયો હતો.

## ગુજરાતની ફાર્મા કંપનીના સાણંદ પ્લાન્ટ અંગે USFDAની વોર્નિંગ

સાણંદ, તા.૬

ગુજરાત સ્થિત ફાર્માસ્યુટિકલ કંપની ઈન્ટાસ ફાર્મા (Intas Pharma)ના સાણંદ સ્થિત પ્લાન્ટ માટે USFDA દ્વારા વોર્નિંગ આપવામાં આવી છે. અમેરિકન હેલ્થ રેગ્યુલેટરે ઈન્ટાસ ફાર્માને મેન્યુફેક્ચરિંગમાં ખામીઓ બદલ ઝાટકી છે. CGMP કોમ્પ્લાયન્સનું પાલન કરવામાં ક્વોલિટી કન્ટ્રોલના યુનિટ નિષ્ફળ હોવાનું જાણવા મળ્યું છે. યુએસએફડીએ દ્વારા ૨૮ જુલાઈ ૨૦૨૩ના રોજ સાણંદ પ્લાન્ટની અમુક ખામીઓ જણાવવામાં આવી હતી. USFDAએ જણાવ્યું છે કે આ પ્લાન્ટમાં ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસ (GMP)નું પાલન કરવામાં નોંધપાત્ર હદે નિયમો તોડવામાં આવ્યા છે.

દવાઓના ઉત્પાદન, પેકિંગ અને હોલ્ડિંગને લગતી તમારી મેથડ, ફેસિલિટી અને ક્વોલિટી કન્ટ્રોલ એ CGMPના ધોરણોની પુષ્ટિ કરતી નથી. તેના કારણે તમારી ડ્રગ પ્રોડક્ટની ગુણવત્તા ખરાબ છે. તેણે ચેતવણી આપી છે કે સાણંદ પ્લાન્ટમાં જે નિયમોનો ભંગ કરવામાં આવે છે તેનું તાત્કાલિક પાલન કરવામાં નહીં આવે તો નવી એપ્લિકેશન કે સપ્લિમેન્ટના ઉત્પાદનનું કામ અટકાવી શકાય છે. તમે બધા નિયમોનું યોગ્ય પાલન શરૂ કર્યું છે કે નહીં તે જાણવા માટે સાણંદ પ્લાન્ટની નવેસરથી મુલાકાત લેવામાં આવી શકે છે. અમારી તપાસમાં જાણવા મળ્યું હતું કે તમારા ક્વોલિટી કન્ટ્રોલ સ્ક્રેપ એરિયામાં તથા સ્ક્રેપ રૂમમાં અને તમારા પ્લાન્ટની બહાર ઉભેલા ટ્રકમાં પ્લાસ્ટિકની થેલીઓ મળી આવી હતી. તેમાં નાશ કરવામાં આવેલા ઓરિજિનલ CGMP ડોક્યુમેન્ટના ટૂકડા મળી આવ્યા હતા. તેના કારણે પ્લાન્ટના ક્વોલિટી કન્ટ્રોલ અંગે સવાલો થાય છે. આ ઉપરાંત લેબોરેટરી રેકોર્ડ રાખવામાં પણ બેદરકારી જોવા મળી છે. અમેરિકન બજાર માટે દવાઓનું ઉત્પાદન કરતી કોઈ કંપની જ્યારે રેગ્યુલેશનનો ભંગ કરતી હોવાનું જાણવા મળે ત્યારે USFDA દ્વારા વોર્નિંગ લેટર ઈશ્યૂ કરવામાં આવે છે. USFDAએ જણાવ્યું કે કંપની સીજીએમપી મુજબ ડ્રગ પ્રોડક્ટનું ઉત્પાદન કરવામાં નિષ્ફળ ગઈ છે.

## નાયબ સેક્શન અધિકારી વર્ગ-૩ની બદલીઓ

ગાંધીનગર, તા.૬

સચિવાલય સામાન્ય સંવર્ગ પરના અગીયાર નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ની તેમના નામ સાથે કોલમ-(૩)માં દર્શાવેલ વિભાગમાંથી બદલી કરી, કોલમ-(૪)માં દર્શાવેલ વિભાગ ખાતે નિમણૂંક કરવામાં આવી છે.

| નાયબ સેક્શન અધિકારીનું નામ | હાલનો વિભાગ | બદલીથી નિમણૂંકનો વિભાગ |
|---|---|---|
| આકાશ એચ. ચાવડા | મહેસૂલ વિભાગ | શિક્ષણ વિભાગ |
| સુશ્રી શિવાની સૂર્યકુમાર નાયક | મહેસૂલ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| સુશ્રી જાનકી દિલીપભાઈ ગોહિલ | મહેસૂલ વિભાગ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ |
| યશકુમાર વિનુભાઈ દેસાઈ | મહેસૂલ વિભાગ | માર્ગ અને મકાન વિભાગ |
| અર્પિત અમૃતભાઈ દેસાઈ | મહેસૂલ વિભાગ | ઉદ્યોગ અને ખાણ વિભાગ |
| ભૌમિકકુમાર પંકજકુમાર મોદી | શિક્ષણ વિભાગ | મહેસૂલ વિભાગ |
| સુરેશકુમાર શામળાજી ટાંક | સામાજિક ન્યાય અને અધિકારીતા | મહેસૂલ વિભાગ |
| હિરેન ગજાનંદનભાઈ જોષી | સામાન્ય વહીવટ વિભાગ | મહેસૂલ વિભાગ |
| રવિકુમાર દિનેશભાઈ પટેલ | માર્ગ અને મકાન વિભાગ | મહેસૂલ વિભાગ |
| વિમલકુમાર જયંતિલાલ કડીયા | ઉદ્યોગ અને ખાણ વિભાગ | મહેસૂલ વિભાગ |
| ભીખુભાઈ મંગુભાઈ હળપતિ | અન્ન ના.પુ. અને ગ્રાહકોની બાબતો | મહેસૂલ વિભાગ |

## ૧૭ સેક્શન અધિકારીઓની બદલીઓ કરાઈ

ગાંધીનગર, તા.૬

સચિવાલયના વર્ગ-૨ના સત્તર સેક્શન અધિકારીઓની તેમના નામ સામે કોલમ-(૩)માં દર્શાવેલ વિભાગ ખાતેથી બદલી કરી, કોલમ-(૪)માં દર્શાવેલ વિભાગ ખાતે નિમણૂંક માટે ફાળવવામાં આવે છે.

| સેક્શન અધિકારીનું નામ | હાલનો વિભાગ | બદલીથી ફાળવણીનો વિભાગ |
|---|---|---|
| પાયલ ઉમંગ બ્રહ્મભટ્ટ | મહેસૂલ વિભાગ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ |
| રાજ્ઞેશ નટવરલાલ રાઠોડ | મહેસૂલ વિભાગ | વન અને પર્યાવરણ વિભાગ |
| રણવીરસિંહ હઠીસિંહ જેતાવત | મહેસૂલ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| ધ્રુવરાજ ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા | મહેસૂલ વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ |
| જયમીત હરગોવનભાઈ હારેજા | મહેસૂલ વિભાગ | ગૃહ વિભાગ |
| અંકુરભાઈ શામળભાઈ પટેલ | મહેસૂલ વિભાગ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ |
| દર્શનાબેન અરજણભાઈ દેસાઈ | મહેસૂલ વિભાગ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ |
| મોહસીન સિકંદરભાઈ મુલતાની | મહેસૂલ વિભાગ | શિક્ષણ વિભાગ |
| હિમાંશુ ઉદેસિંહ ગોહિલ | મહેસૂલ વિભાગ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ |
| ચિંતન હિતેન્દ્રભાઈ ચૌધરી | સામાન્ય વહીવટ | મહેસૂલ વિભાગ |
| દિનેશકુમાર નાનુસિંહ પરમાર | શ્રમ, કૌશલ્ય વિકાસ | મહેસૂલ વિભાગ |
| અદિતિ ચિન્મયકુમાર પંડ્યા | ગૃહ વિભાગ | મહેસૂલ વિભાગ |
| કૃતિ રમણલાલ નાઈક | રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | મહેસૂલ વિભાગ |
| કૃણાલ રવિન્દ્ર નામપુરકર | સામાન્ય વહીવટ | મહેસૂલ વિભાગ |
| કોમલ મગનભાઈ પટેલ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | મહેસૂલ વિભાગ |
| શૈલેન્દ્ર વખતસિંહ ગઢવી | શિક્ષણ વિભાગ | મહેસૂલ વિભાગ |
| કશ્યપ ઈશ્વરચંદ્ર રોય | વન અને પર્યાવરણ | મહેસૂલ વિભાગ |

ઉપર્યુક્ત હુકમ છતાં ક્રમ-૧૦ પરના સેક્શન અધિકારી ચિંતન ચૌધરીને વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની તા. ૨૮-૮-૨૦૨૩ની બેઠક બાદ ફરજમુક્ત કરવામાં આવનાર છે.

# રાજ્યમાં ધોધમાર વરસાદની આગાહી

### અમદાવાદમાં આગામી ૪ દિવસ મેઘરાજા કરશે તોફાની બેટિંગ : દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારો તોફાની વાદળો અને વીજળીના કડાકા સાથે વરસાદ ખાબકી શકે છે

અમદાવાદ, તા.૬

રાજ્યના અનેક વિસ્તારોમાં અત્યારે વરસાદી માહોલ જોવા મળ્યો છે. જ્યારે છેલ્લા ઘણા દિવસોથી મેઘરાજાએ તોફાની બેટિંગ કરી નહોતી. કેટલાક સ્થળે વરસાદ ધોધમાર હતો તો અમદાવાદ, ગાંધીનગર સહિતના શહેરોમાં મેઘરાજા બ્રેક પર હતા. પરંતુ હવે હવામાન વિભાગની આગાહી પ્રમાણે અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના પ્રદેશોમાં આગામી ૪ દિવસ ધોધમાર વરસાદ પડવાની શક્યતા છે. વીજળીના કડાકા ભડાકા સાથે અહીં ધોધમાર વરસાદ પડે એવી આગાહી પણ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે અત્યાર સુદી રાજ્યમાં ૯૨ ટકાથી વધુ વરસાદ તો નોંધાઈ ગયો છે, તેવામાં હજુ આ પાંચ દિવસ ભારે વરસાદ પડવાની આગાહી છે. આગાહી પ્રમાણે હવે સૌરાષ્ટ્રમા પણ મધ્યમથી સામાન્ય વરસાદ પડે એવી ધારણા કરાઈ રહી છે.

આગામી ૨૪ કલાકમાં અહીં ધોધમાર વરસાદ ખાબકશે. તમને જણાવી દઈએ કે અમદાવાદમાં પણ વાતાવરણમાં પલટો આવી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આવતી કાલ સોમવારથી અહીં ધોધમાર વરસાદ પડી શકે છે. હવે દક્ષિણ ગુજરાત સહિતના વિવિધ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામા આવી છે. તો કેટલાક પ્રદેશોમાં આફત બનશે એવું પણ જણાવાયું છે. હવામાન નિષ્ણાંતોએ મીડિયાને જણાવ્યું છે કે હજુ બંગાળની ખાડીમાં ડીપ ડિપ્રેશન થયું છે. એની સીધી અસર ઓરિસ્સા અને મધ્યપ્રદેશમાં થશે અને ત્યારથી વરસાદી સિસ્ટમ સક્રિય થઈને ગુજરાતમાં પ્રવેશ કરશે. ઉલ્લેખનીય છે કે ગુજરાતના મોટાભાગના પ્રદેશોમાં હવે સામાન્યથી મધ્યમ વરસાદ પડવાની વકી જણાઈ રહી છે. આગામી ૪ દિવસ ગુજરાતમાં અમદાવાદ સહિતના વિસ્તારોમાં મેઘરાજા તોફાની બેટિંગ કરી શકે છે. નોંધનીય છેકે ગત સપ્તાહથી અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ઠેર ઠેર વાદળો ઘેરાય છે પરંતુ ધોધમાર વરસાદ પડી રહ્યો નથી. આમ જોવા જઈએ તો અમદાવાદમાં સમયાંતરે ઝાપટાં પડતા હતા એટલે જ લોકોને બફારાથી રાહત મળતી રહેતી હતી. પરંતુ આગામી ચાર દિવસ અહીં ગાંધીનગર અને અમદાવાદમાં ધોધમાર વરસાદ પડે એવી ધારણા સેવાઈ રહી છે.

### મંદ મિજાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોવા મળે છે. શહેરમાં અત્યાર સુધીમાં સિઝનનો ૨૧ ઈંચ જેટલો વરસાદ થઈ ગયો છે. જો કે મોસમની પેટર્ન મુજબ હાલની સ્થિતિએ ૬૦ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. પરંતુ વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ યથાવત છે. છેલ્લા ચાર પાંચ દિવસોથી મેઘરાજાના મંદ મિજાજના લીધે વાદળિયુ વાતાવરણ જોવા મળે છે પરંતુ ધોધમાર વરસાદ વરસતો નથી આ સ્થિતિ વચ્ચે વરસાદી મોસમ નિખરવા છતા પણ શહેરીજનો હજુ અસહ્ય ઉકળાટથી પ્રભાવિત છે. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધુ રહેતુ હોવાથી વારંવાર બદલાતા આકાશી નઝરા વચ્ચે તડકી છાયડીનો પણ માહોલ જોવા મળે છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ છવાયેલુ જોવા મળ્યુ હતુ. પરંતુ સાંજ સુધી વરસાદની ગેરહાજરી રહી હતી. સાંજના સમયે પણ હળવા વાદળિયા વાતાવરણ વચ્ચે શહેરમાં ભીંજારો જોવા મળ્યો ન હતો. છેલ્લા ચાર પાંચ દિવસથી વરસાદી વાદળો ગોરંભાયા બાદ પણ ઝરમરિયા ઝાપટાના અંતે નગરમાં વરસાદી નઝારો જોવા મળે છે પરંતુ મેઘરાજા મન મુકીને વરસતા નથી બીજીતરફ વરસાદી ઋતુમાં શહેરમાં અનેકવિધ ઠેકાણે સમસ્યાઓનો ઢગ ખડકાયેલો જોવા મળે છે. સેકટરોમાં વાદળિયા વાતાવરણ વચ્ચે મચ્છરો માટે વાતાવરણ ફેવરેબલ બનતા ઉત્તપત્તિ સ્થાનો પણ ચિંતાનો વિષય છે. જેના લીધે ગમે ત્યારે રોગચાળો વકરે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. સેકટરોમાં શેરી સફાઈ સહીત લાંબા સમયથી આંતરિક માર્ગોના રોડ નેટવર્કની સમસ્યા પણ લાંબા સમયથી સ્થાનિકોને સતાવી રહી છે. ગાંધીનગર શહેરમાં ચોમાસા દરમિયાન પાણીના ભરાવા સાથે સમસ્યાઓ પણ ઉભરાતી આવે છે. જેને નિવારવા માટે પણ યોગ્ય પગલા લેવા અનિવાર્ય છે. સેકટરોમાં ઉદભવતી દુવિધાઓની સાથે મેઘરાજાનો મંદ મિજાજ પણ જનજીવન પ્રભાવિત છે.

### ડહોળા પાણીની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરોગ્ય ધ્યાન રાખી ને શાળા અને આંગણવાડીમાં પંચાયત કક્ષાએ થી પણ કલોરીનયુક્ત પાણી આપવાનું પણ જરૂરી બનશે વરસાદના લીધે સરદાર સરોવરમાં પાણીની આવક વધવાના લીધે કેનાલમાં પાણી વધશે આ સ્થિતિમાં કેનાલ ના પાણીમાં માટી સહિતની અશુદ્ધિઓનું પ્રમાણ વધશે જ્યારે આવા સંજોગોમાં પાણી ડોહલું થવાની સંભાવના છે . સુજલામ સુફલામની યોજના અન્વયે પીવા માટે પાણી નર્મદાના પાણીનો સપ્લાય આપવામાં આવે છે . આવા સંજોગોમાં ગાંધીનગર, કલોલ, માણસા અને દહેગામ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પાણીની ગુણવત્તા સામે સવાલો ઉઠશે.

### બસ સેવા શરૂ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે સેકટરોમાં પણ ખ માર્ગ સહીતના અન્ય રૂટમાં સ્થાનિકોને ઘર નજીકના સ્ટોપ પરથી જ શહેરી બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે પણ ડેપો તંત્રને રજુઆત કરવામાં આવી હતી. જયારે ધાર્મિક સ્થાનાને અનુલક્ષીને પણ જરૂરી રૂટમાં બસ સેવા શરૂ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની હતી જેને અનુલક્ષી ડેપો તંત્ર દ્વારા અગાઉ ગાંધીનગર બોટાદ રૂટમાં બસ સેવા શરૂ કરવામાં આવી છે. સવારે ૫ વાગ્યના સમયે આ બોટાદ રૂટમાં બસ સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે. જેના લીધે સારંગપુર હનુમાન મંદિર દર્શન અર્થે જતા ભાવિકોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. ગાંધીનગરથી સારંગપુર હનુમાન દર્શન કરવા જતા ભાવિકોની સંખ્યા પણ વિશેષ છે. આ ઉપરાંત છેલ્લા બે દિવસથી ગાંધીનગર ડેપો દ્વારા દ્વારકા રૂટમાં પણ બસ સેવા શરૂ કરવામાં આવી છે ૧૦ કલાકે દ્વારકા માટે બસ સેવા ઉપલબ્ધ થઈ છે. જેના લીધે દ્વારકા સહીત આસપાસના વિસ્તારમાં જતા મુસાફરોને પણ સરળતાથી સલામત સવારી નસીબ થઈ રહી છે. કોરોના કાળ દરમિયાન લાંબા સમય સુધી એસ ટી બસ સેવાના પૈડા થંભી ગયા હતા જયારે ત્યારબાદ તબક્કાવાર બસ સેવા શરૂ કરવામાં આવી હતી પરંતુ શહેરના સેકટરોમાં દોડતી શહેરી બસ સેવાના અમુક રૂટમાં બદલાવ આવ્યો હોવાનુ કે રૂટ બંધ થઈ ગયા હોવાની નારાજગી પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. જો કે આ મામલે પણ ડેપો કક્ષાએથી સ્થાનિકોની રજુઆતને ધ્યાનમાં રાખી રૂટમાં જરૂરી ફેરફાર કરવા માટે આયોજન કર્યુ છે.

### પાણાના મીટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિતિમાં ટેન્ડર પ્રક્રિયા નવેસરથી હાથ ધરવામાં આવી છે. યોજના અંતર્ગત વિવિધ ક્ષમતાના મલ્ટી જેટ ડોમેસ્ટિક વોટર મીટર સપ્લાય કરવા, તેને વિવિધ જગ્યાએ લગાડવા, તેનું ટેસ્ટિંગ કરવું અને કાર્યરત કરવા સહિતની કામગીરી એક જ પેઢીને સોંપવામાં આવશે. તેમજ આ કામ રાખનાર પેઢીની સાથે જ ત્રણ વર્ષ સુધી તેના મેન્ટેનન્સ અને રીપેરીંગનું કામ કામ પણ સોંપવામાં આવશે. કોન્ટ્રાક્ટ રાખનાર કંપનીએ જ મીટર રીડીંગ કરીને બિલ તૈયાર કરવાનું કામ અને ગ્રાહકોને બિલનું વિતરણ કરવું પડશે.

### સમસ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરિયાદો સમયાંતરે ઉઠતી રહે છે. ત્યારે હજુ નવા સેકટરોમાં નવી લાઈન નાંખવાની કામગીરી શરૂ થતા સમય લાગે તેમ છે ગટરો ઉભરાવાની સમસ્યા પાછળ જુનુ અને કંગાળ ગટર લાઈનનુ નેટવર્ક તેમજ સ્થાનિકોમાં જાગૃતિનો અભાવ જવાબદાર હોવાનુ ચિત્ર પણ અગાઉ ઉપસી આવ્યુ હતુ. તંત્ર પાસે પણ મેન પાવર અને મશીનરીનો અભાવ છે. આવા સંજોગોમાં શહેરમાં ફરિયાદનુ ત્વરિત નિરાકરણ આવતુ નથી તો બીજીતરફ જુની લાઈન પણ સક્ષમ અને કાર્યક્ષમ ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરના સે- ૬ માં પોષ્ટ ઓફિસ નજીકના વિસ્તારમાં સ્થિત જ કક્ષાના આવાસોના વિસ્તારમાં છેલ્લા બે સપ્તાહથી ગટરો ઉભરાવાની સમસ્યાથી સ્થાનિકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. આ વિસ્તારમાં બ્લોક નં - ૫૦ થી ૭૦ સુધીના બ્લોક વચ્ચે ગટરોનુ દુષિત પાણી ઉભરાતા સ્થાનિકો ગુંગળામણ અનુભવી રહ્યા છે. આ વિસ્તારમાં વરસાદી પાણીની જેમ ગટરના દુષિત પાણીનો ભરાવો થાય છે. સ્થાનિકો દ્વારા આ મામલે તંત્ર સમક્ષ રજુઆત પણ કરવામાં આવી છે. જયારે લાંબા સમયથી સમસ્યાનો નિકાલ ન આવતા દુષિત પાણીના ભરવાના લીધે રહીશો મચ્છર ઉત્પત્તિની સાથે રોગચાળો મંડરાય તેવો ખતરો પણ મહેસુસ કરી રહ્યા છે. વરસાદી મોસમમાં આમ પણ સેકટરોના આંતરિક વિસ્તારમાં પાણીના ભરાવાની સમસ્યા જોવા મળે છે. જયારે સે- ૬ ના જ કક્ષાના આવાસોના વિસ્તારમાં પાણીની સાથે ગટરના દુષિત પાણી પણ ભરાતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. જાગૃત નાગરિકો દ્વારા આ સમસ્યાના ત્વરિત નિકાલ માટે તંત્રને પણ રજુઆત કરી છે ત્યારે ત્વરિત અસરથી ફરિયાદનુ નિરાકરણ આવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

### અધ્યાય શરૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિકસિત કરવામાં આવશે. રાજસ્થાનમાં પણ ૫૫ રેલવે સ્ટેશન અમૃત ભારત રેલવે સ્ટેશન અંતર્ગત નવનિર્મિત થશે. મધ્યપ્રદેશમાં ૧૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચથી ૩૪ સ્ટેશનના કાયાકલ્પ થવાની છે. મહારાષ્ટ્રમાં ૪૪ સ્ટેશનના વિકાસ માટે દોઢ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, પાછલા કેટલાક વર્ષોમાં રેલવેમાં ઘણાં કામ થયા છે. પાછલા નવ વર્ષોમાં દક્ષિણ આફ્રિકા, યુક્રેન, પોલેન્ડ, યુકે અને સ્વીડન કરતા પણ વધુ રેલવે ટ્રેક બનાવાયા છે. તમે જે ગતિથી કામ થઈ રહ્યું છે તેની કલ્પના કરી શકો છો.

ભારતમાં આજે આધુનિક ટ્રેનોની સંખ્યા ઝડપથી વધી રહી છે. આજે દેશનું લક્ષ્ય છે કે રેલવેની યાત્રા દરેક યાત્રા માટે, દરેક નાગરિક માટે સુલભ હોય અને સુખદ પણ હોય. પીએમએ કહ્યું કે, વર્ષ ૨૦૧૪ પહેલા દેશમાં ૬૦૦૦થી ઓછા રેલવે ઓવરબ્રિજ અને અંડરબ્રિજ હતા, જોકે, હવે તે વધીને ૧૦,૦૦૦થી વધુ થઈ ગયા છે. જલદી તમામ રેલવે ટ્રેકને વિદ્યુતીકરણ કરી દેવામાં આવશે. પાછલા નવ વર્ષમાં સૌર પેનલથી વીજળી પેદા કરનારા સ્ટેશનોની સંખ્યા વધી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે રેલવેમાં જે રીતે કામ થયું છે, કોઈ પણ વડાપ્રધાનનું મન થાય કે તેનો ઉલ્લેખ ૧૫મી ઓગસ્ટના રોજ લાલ કિલ્લા પરથી કરે. હવે ૧૫મી ઓગસ્ટ સામે છે તો મન બહુ કરે છે કે એ દિવસે આના પર ચર્ચા કરું. આજ આટલું વિરાટ આયોજન થઈ રહ્યું છે કે દેશના ખુણે-ખુણેથી લોકો જોડાયા છે, માટે હું આટલા વિસ્તારથી ચર્ચા કરી રહ્યો છું.

# પહેલી વાર સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં જોવા મળ્યો દીપડો

અંબાજી, તા.૬

યાત્રાધામ અંબાજીનાં ગબ્બર વિસ્તારમાં આજે એકાએક દીપડો દેખાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ગબ્બર પર્વત પાસે જંગલી પ્રાણીના લીધે ૫૧ શક્તિપીઠ પરીક્રમા માર્ગ આજે બંધ રાખવામાં આવ્યો છે. ગબ્બર આસપાસના વિસ્તારમાં જંગલી જાનવર ફરી રહ્યું હોવાના સોશિયલ મીડિયામાં એક વીડિયો સામે આવ્યો હતો, ત્યારબાદ તંત્ર સાવચેત થઈ ગયું હતું. વન વિભાગ તરફથી સાંજના અને રાત્રિના સમયે આવા વિસ્તારમાં ન જવા સૂચન પણ કરાયું છે. બીજી બાજુ આદિવાસી પરિવાર ઘરે નાના છોકરાઓની રક્ષા કરતુ જોવા મળ્યું હતું. વન વિભાગ દ્વારા દીપડાને રેસ્ક્યું કરવાં પાજરું મૂકાયું છે. લેબર કામગીરી કરતા લોકોએ દીપડો જોતા વીડિયો બનાવ્યો હતો. વન્ય અભ્યારણ્ય અને દર્શનાર્થીઓની સુરક્ષાને ધ્યાને રાખી વન વિભાગ એકશન મોડમાં આવ્યું છે.

બીજી એક વાત એ સામે આવી છે કે ગુજરાતમાં દીપડાની સંખ્યામાં વધારો થયો છે. તાજેતરની વસતી ગણતરી મુજબ રાજયમાં છ વર્ષમાં દીપડાની સંખ્યામાં ૬૩ ટકાનો વધારો થયો છે. ૨૦૧૬માં ૧૩૯૫ હતી.